

# વિકાસ માટે હજી પા..પા..પગલી ભરતું..

# ટૂંડા - ડભારી




**ઓલપાડ તાલુકાના અરબી સમુદ્રના તટે વસેલું દરિયાઈ ખારપાટ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતું અને આર્થિક રીતે અતિ પછાત તેમજ સતત રાજકીય અવગણના ઓને પગલે ટૂંડા-ડભારી ગામ 21મી સદીમાં પણ વિકાસ માટે હજી પા પા પગલી ભરી રહ્યું છે.ટૂંડા- ડભારી ગામ ગુજરાતમાં પંચાયતી રાજના સમયથી પિંજરત ગ્રામ પંચાયત માં સમાવિષ્ટ ગામ હતું.અને 2001માં પિંજરત ગ્રામ પંચાયત માંથી ખોસાડીયા,છીણી અને ટૂંડા એમ ચાર પંચાયત જુદી પડતા ટૂંડા-ડભારી ગ્રામ પંચાયત અસ્તિત્વમાં આવી હતી.**

## ટૂંડા-ડભારીગામ પંચાયતમાં ટૂંડા, ડભારી, મોરફળિયું,



ઝોરા ફળિયું, થોથા ફળિયું,શ્રીજી નગરી,આમ છ ફળીયા આવેલા છે.આમતો ટૂંડા ડભારી ગ્રામ પંચાયતમાં એક માત્ર તળપદા કોળી પટેલોનીવસ્તી ધરાવતું ગામ છે.ગામના આગેવાનો ના જણાવ્યા મુજબ ટૂંડા ડભારી ગામ આશરે દોઢસો થી બસો વરસ પુરાણું હોવાનુ જણાવે છે.

ટૂંડા ગામના પૂર્વજો રાજપીપળા તરફથી તો કેટલાક જૂનાગઢ તરફથી આવી અહીં વસ્યા હોવાનું કહેવાય છે ત્યારબાદ અહીં લોકો અલગ અલગ વિસ્તારમાંથી આવી અહીં વસવાટ કર્યો છે. સમગ્ર ગામની આજુબાજુ દરિયાની ભરતીના પાણી ફરી વળતા હોવાથી ડભારી અને ટૂંડા ડભારી ગામ બેટ આકારમાં વસેલું છે.અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન અને માછીમારી છે.જોકે ગામની આજુબાજુ મોટા ભાગે ખારપાટ વાળી જમીન હોવાથી મહદ અંશે ડાંગર ની ખેતી થાય છે જ્યારે દરિયાઈ રેત જે પોણો તરીકે ઓળખાય છે એવા વિસ્તારમાં શાકભાજી ના પાકો પણ લેવાય છે.ખાસકરીને લોકો નું જીવન પશુપાલન ઉપર નિર્ભર છે.આ ઉપરાંત દરિયો નજીક હોવાથી કેટલોક વર્ગ માછીમારી કરી ગુજરાન ચલાવે છે, ગામમાં જિલ્લા પંચાયત સંચાલિત ડભારી અને ટૂંડા ખાતે એમ બે પ્રાથમિક શાળાઓ આવેલી છે.

ગામમાં આરોગ્યને લાગતી કોઈ સુવિધા ન હોવાથી છ થી સાત કિલોમીટર દૂર દિહેણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુધી લંબાવવું પડે છે. ગામના ફળિયાના મોટા ભાગના રસ્તા ઓ આરસીસી અને ડામર તેમજ પેવર બ્લોકના જોવા મળે છે.

## ભૂદાન યજ્ઞ'નાં પ્રણેતા વિનાયક નરહરિ (વિનોબા ભાવે)એ સમગ્ર દેશમાં પ્રવાસ દરમિયાન ટૂંડા ગામની પણ મુલાકાત લીધી હતી.



નિર્ધન ભૂમિહીનોને ભૂમિ અપાવવાવાળા 'ભૂદાન યજ્ઞ'નાં પ્રણેતા વિનાયક નરહરિ (વિનોબા ભાવે) સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ૧૯૪૮માં વિનોબાએ 'સર્વોદય સમાજ'ની સ્થાપના કરી. ત્યારબાદ ૧૯૫૧માં ભૂદાન યજ્ઞનું બીડું ઉઠાવ્યું. તેઓ જમીનદારોને ભૂમિ દાન કરવા અપીલ કરતાં અને મળેલ ભૂમિ ગામનાં ભૂમિહીનોને વહેચી દેતાં. આમ તેમણે ૭૦ લાખ હેક્ટર ભૂમિ નિર્ધનોને વહેંચી કિસાનનો દર્જો અપાવ્યો.આ સંસ્મરણ નો ઉલ્લેખ કરવો ખુબજ જરૂરી છે. સમગ્ર દેશમાં પ્રવાસ દરમિયાન ટૂંડા ગામની પણ મુલાકાત લીધી હતી પિંજરત સેવા સહકારી મંડળી ના આદ્યસ્થાપક પૈકી ના એક અને ટૂંડા ગામના ખેડૂત સહકારી આગેવાન સદગત સ્વ. નાગર ભાઈ મંછા ભાઈ પટેલે તેમની સાથેની ભૂતકાળમાં થયેલી મુલાકાત દરમિયાન અને તેમણે જણાવેલી વાત મુજબ પૂજ્ય વિનોબા ભાવે અહીં પ્રવાસ દરમિયાન આવ્યા હતા અને ટૂંડા-ડભારી ના ઘરેડિયા રસ્તા પાસે પીલુડી (પિલવણ) ના વૃક્ષ ની બાજુમાં ગ્રામજનોએ નાનકડા માચડો બના વ્યો હતો જેની ઉપર બેસી વિનોબાજીએ લોકોને સંબોધ્યા હતા અને આ વિસ્તારના જમીન વિહોણા નિર્ધનોને જમીન મળે એ માટેની વાતો કરી હતી ત્યારબાદ ગામના આગેવાનોએ તેમની વાતોમાંથી પ્રેરણા લઇ ખારપાટ જમીન ને નવસાધ્ય કરવા અને ખેતી માટે ઉપયોગી બનાવવા ૧૯૬૩માં ગંજાવર ખાર લેન્ડ મંડળીની સ્થાપના કરી હતી જે બાદ અહીંના અત્યંત ગરીબ પરિસ્થિતિમાં જીવતા લોકોને સરકાર તરફથી જમીનફાળવી આપવા માં આવી હતી.



## ડભારીનો રમણીય દરિયા કિનારો સહેલાણીઓ માટે આકર્ષણ નું કેન્દ્ર

ડભારીનો રમણીય દરિયા કિનારો સુરત સહિત દક્ષિણ ગુજરાત ના સહેલાણીઓ માટે ખુબજ આકર્ષણ નું કેન્દ્ર બન્યો છે. ડભારી દરિયા કિનારો જ્યાં અરબી સમુદ્રના મૂળ પાણી જોવા મળે છે ડુમસ અને દમણ માં દરિયાની ભરતી સમયે જ પાણી જોવા મળે છે જ્યારે ડભારી ખાતે સમુદ્રના પાણી મોજા કિનારા સાથે સતત ઉછળતા જોવા મળે છે દરિયા કિનારો ખૂબ જ સ્વચ્છ અને સુંદર હોય અહીં દરિયાકિનારે સૂર્યાસ્ત સમય સનસેટ પોઇન્ટનો નજારો ખરેખર જોવાલાયક હોય છે આ ઉપરાંત અહીં દેશ-વિદેશમાંથી આવતા પક્ષીઓ ના ઝૂંડ પણ જોવા મળે છે જે જે પર્યટકો માટે જોવાનો લ્હાવો અનેરો હોય છે હાલ દરિયાકિનારે જવા માટે દરિયામાં સારકામ કરતી ફોકસ એનર્જી કંપની દ્વારા સાત કિલોમીટર લાંબા સડક માર્ગનું નિર્માણ કરવામાં આવ્યું છે આ ઉપરાંત ધારાસભ્ય મુકેશભાઈ પટેલ દ્વારા 29 લાખના ખર્ચે વીજ લાઇન નાખવા માટે રાજ્ય સરકારમાંથી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે ગ્રામજનોના જણાવ્યા મુજબ સરકાર દ્વારા આ રમણીય દરિયાકિનારાને જો પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો સ્થાનિકોને રોજગારી પણ મળશે અને પર્યટકોને સમુદ્ર કિનારા નું ફરવા ફરવા માટેનું એક સારું સ્થળ મળશે સુરતવાસીઓને સેંકડો કિલોમીટર દૂર સમુદ્ર કિનારે સહેલગાહે જવું ન પડે આ અંગે સરપંચ રજનીકાંત પટેલએ જણાવ્યું કે તેમના દ્વારા ધારાસભ્ય મુકેશ પટેલ અને આદિજાતિ વન મંત્રી ગણપતસિંહ વસાવા ને પણ રજૂઆત કરવામાં આવી છે આ ઉપરાંત આ દરિયા કિનારા અને વિકસાવવા ઓલપાડ પ્રાંત કલેકટર આર.સી.પટેલ પણ મુલાકાત લઇ સરકાર માં રિપોર્ટ મોકલી આપે છે

## ડભારીના દરિયા કાંઠે અમેરિકન જહાજ લાંગરવાની ઘટના ..

ટોડા ગામના ડેપ્યુટી સરપંચ મગનભાઈ પટેલ એ જણાવ્યું છે ૧૯૮૬માં અલંગ ના દરિયા કિનારે ઘોડી માઠી છૂટું પડેલું અમેરિકન જહાજ ડભારી ના દરિયા કાંઠે લાગ્યું હતું જે સમયે ઓલપાડ તાલુકાના લોકો વિશાળકાય જહાજને જોવા ધારી ખાતે આવ્યા હતા જોકે આ જહાજમાં કેટલાક તસ્કરોએ લૂંટ પણ ચલાવી હોવાનું તથ્ય બહાર આવ્યું હતું જેની ઉપર પોલીસ કાર્યવાહી કરવામાં આવી હતી

## ચોમાસામાં દરિયાની ભરતી ના પાણી ડભારી ગામમાં ઘુસી જવાનો સતત ભય.

નવાગામમાં દરિયા કિનારે આવેલ હોય ભૂતકાળમાં દરિયાની ભરતીના પાણી ઓ મસ્ત જવાની અને ઘટના બની ચૂકી છે જેને ધ્યાને લઇ ભૂતપૂર્વ ધારાસભ્ય ધનસુખભાઈ પટેલ તને દિલીપભાઈ પટેલ દ્વારા સરકારમાં વખત રજૂઆત કરી અંદાજિત ૩ કરોડના ખર્ચે ગામમાં ગામની ચારે તરફ પ્રોટેક્શન વોલ બનાવવામાં આવી છે જોકે ભૂતકાળનો સમય કરતા દરિયાએ કિનારાઓ તોડી નાખતા હાલ દરિયાની ભરતી ઓ ગામમાં ઘુસી ટીવી શક્યતાઓને પગલે ગામમાં ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળે છે



## દરિયાઈ સુરક્ષા માટે પોલીસ ચોકીનો અભાવ..

રબારી નો વિશાળ દરિયા કિનારો સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે પરંતુ દરિયા પાર ચાલતી આતંકવાદી પ્રવૃત્તિ ઉપર નજર રાખવા માટે અહીં મરીન પોલીસ ની ચોકી બનાવવી ખૂબ જ અનિવાર્ય છે હાલ વખત વખત રાજ્ય સરકારના પોલીસ વિભાગ દ્વારા સાગર સુરક્ષા કવચ અંતર્ગત અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે આ સમયે જિલ્લા પોલીસ વડા નાયબ જિલ્લા પોલીસ વડા રેન્જ આઈ જી સહિતના અધિકારીઓ ડભારી ખાતે મોકડ્રિલ સહિતના કાર્યક્રમો ગ્રામજનોને આતંકવાદી પ્રવૃત્તિઓ સામે સતર્ક રહેવા માટે અવરનેસ ના કાર્યક્રમો યોજવામાં આવે છે જેને લઇને અહીં પોલીસ ચોકી બનાવવા પણ રજૂઆત કરવામાં આવી હતી , વધુમાં જાણવા મળેલ માહિતી મુજબ ભૂતકાળમાં સુરત શહેરમાં કોમી રમખાણો વખતે અલગ અલગ વિસ્તારોમાં ઝડપાયેલા કેટલાક ગેરકાયદે શસ્ત્રો નું ડભારી ના દરિયા કિનારે લેન્ડિંગ થયું હોવાનું તથ્ય બહાર આવ્યું હતું દેશની અને કાંઠા વિસ્તારની સુરક્ષાને ધ્યાનમાં રાખી ધ્યાનમાં રાખી આ વિસ્તારમાં પોલીસ ચોકી બનાવવા સરપંચ રજનીકાંત પટેલ દ્વારા અને ગ્રામજનો દ્વારા માંગ કરવામાં આવી રહી છે







## હનુમાનજી મંદિર કાંઠા વિસ્તારના લોકોનું આસ્થાનું પ્રતિક

ડભારી ગામના લોકોના જણાવ્યા મુજબ હનુમાનજી ની મૂર્તિ નો પથ્થર દરિયાકાંઠે થી મળી આવ્યો હતો આશરે 159વર્ષ પહેલા આ પથ્થર ને માછીમારી કરતા ગામના સ્વ ગોવનભાઈ દયાળ ભાઈ પટેલને મળ્યો હતો. તેમણેતેમના ભાઇઓ સાથે આ પથ્થર બળદ ગાડામાં મૂકી ડભારી ખાતે લાવ્યા હતા અને ડભારી ખાટે આ પથ્થર તેમણે નાનકડા પાણીના સરોવરમાં કપડા ધોવા માટે ઉપયોગ લીધો હતો પરંતુ આ પથ્થર ઉપર જે કોઈ કપડાં ધોતું એના કપડા ફાટી જતા અને સિંદૂરિયા રંગના થઈ જતા આ બાબતે કોઈ જાણકાર વ્યક્તિ એ હનુમાનજીની મૂર્તિ હોવાનું જણાવતા ત્યારથી આ હનુમાનજી ની મૂર્તિ ને નાનકડા મંદીર બનાવી સ્થાપના કરાઈ હતી જે બાદ આજે નાનકડા મંદિરમાંથી વિશાળ મંદિર બનાવી તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે



**રજનીકાંત પટેલ**
સરપંચ ટૂંડા ગ્રામ પંચાયત રજનીકાંત પટેલ સરપંચ ટૂંડા ગ્રામ પંચાયત

## જન્મ મરણનીનોંધણી કરાવવા માટે સરપંચ રજનીકાંત પટેલ ની સફળ રજુઆત..

સને 2001મા પિંજરત ગામ માંથી અન્ય ફળિયા ઓનું વિભાજન કરી ટુડા ,છીણી અને ખોસાડીયા ગામસહિત ચાર ગ્રામ પંચાયત બનાવવામા આવેલ છતા પણ છેલ્લા ૧૯વર્ષથી ડભારી, ટુડા ,છીણી અને ખોસાડીયા ગામોના લોકોએ જન્મ મરણની નોંધણી કરાવવા માટે હાલાકી ભોગવીને લાબું અંતર કાપીને પીંજરત ગામ પંચાયતના દફતરે નોંધણી કરાવવા જવું પડતું હતું જે લોકોની મુશ્કેલી અંગે સરપંચ રજનીકાંત પટેલે વિભાગના ધારાસભ્ય મુકેશ પટેલ ને રજૂઆત કરતાં તેમણે આ પ્રશ્નો પ્રશ્ન જિલ્લા સંકલનમાં લેતા કલેક્ટરે જે તે ગામની નોંધણી જે તે ગામમાં કરવાનો હુકમ કર્યો હતો



**મગન પટેલ**
ડેપ્યુટી સરપંચ

**ગામના સરપંચ રજનીકાંત પટેલ છેલ્લા ચાર વર્ષથી સરપંચ તરીકેની સેવા આપી રહ્યા છે તેઓ વ્યવસાયે એડવોકેટ છે અને સમાજસેવાના કામ પણ કરી રહ્યા છે તેમના પત્ની નિમિષાબેન પટેલ વર્તમાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પિંજરત તાલુકા પંચાયત બેઠક ઉપર બિન હરીફ ઉમેદવાર તરીકે ચૂંટાઈ આવ્યા છે ગામના ડેપ્યુટી સરપંચ મગનભાઈ પટેલ પિંજરત ગામ પંચાયતમાં દસ વર્ષ સરપંચ તરીકે અને ટુંડા ગામ પંચાયતમાં પાંચ વર્ષ સુધી સેવા આપી હતી પિંજરત સેવા સહકારી મંડળીમાં પાંચ વર્ષ પ્રમુખ પદે પણ રહી ચૂક્યા છે હાલ તેઓ ટુંડા ગામ પંચાયતના ડેપ્યુટી સરપંચ તરીકે ફરજ બજાવી રહ્યા છે.**



**નિમિષા પટેલ**

